**અમદાવાદ (ગ્રામ્ય) ના  ૬ઠ્ઠા જયુડીશ્યલ / જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફર્સ્ટ કલાસ) ની કોર્ટમાં, મુ. મીરઝાપુર, અમદાવાદ**

---

ફોજદારી કેસ નં.૧૬૫૫૪/૧૯
આંક:_____

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરૂદ્ધ

આરોપીઃ સંજયભાઈ ભાઈલાલભાઈ વાઘેલા
રહે, ભુવાલ તા. દક્રોઈ જિ. અમદાવાદ

**<u>ગુન્હોઃ ઈ.પી.કો કલમ-૨૮૩ મુજબ</u>**

## :: ચુકાદો ::

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કેઃ–
આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન  જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી, ઈ.પી.કો.ક ૨૮૩ મુજબનો ગુનો કરેલ છે.

(૨) ઉપરોક્ત ફરીયાદના કામે ત.ક અમલદારશ્રીએ તપાસ કરી સાહેદોના નિવેદનો નોંધતા અને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ, અને તપાસ દરમ્યાન આ કામના આરોપી વિરુદધ ગુનો બનતો હોય આરોપીની અટક કરી પુછપરછ કરી આરોપી વિરુદધ પુરતા પુરાવાઓ મળી આવતા આરોપીની ધરપકડ કરી આરોપી વિરુદધ ચાર્જશીટ ફાઈલ કરેલ.

(૩) ત.ક અમલદાર દ્વારા આરોપી વિરુદધ ચાર્જશીટ ફાઈલ થતાં આરોપી વિરુદધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવા માટે આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીની પ્લી આંક..... થી લેતાં ઓરોપીએ તેમની સમક્ષને ગુનો કબુલ કરેલ છે.

(૪) આ કામના આરોપીએ આજરોજ ગુના કબુલાત પુરશીષ આંક...... થી આપેલ છે. જેમાં આ કામના આરોપીએ ગુના કબુલાત પુરશીષ આપી જણાવેલ છે કે, હમો ગરીબ માણસ છીએ, જેથી અમો આરોપીને ઓછામાં ઓછો દંડ કરી ગુનામાંથી મુક્ત કરવા અરજ ગુજારેલ છે.

(૫) આરોપીએ રજુ કરેલ કબુલાત પુરશીષ, આરોપીની આર્થિક તેમજ સામાજીક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઇઓ વિગેરેને ઘ્યાને લેતાં સદરહું આરોપી જો એખ સુધરવાની તક આપવામાં આવે અને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>આખરી હુકમ</u>**

આ કામના આરોપીસંજયભાઈ ભાઈલાલભાઈ વાઘેલાને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૮૩ અન્વયે ઈ.પી.કો.ક ૨૮૩ મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/– (રૂપિયા સો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો, દિન–૨ ની સાદી કેસની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત ચુકાદો તા. ૧૪/૧૨/૧૯ ના રોજ જાહેર કર્યો.

તારીખ– ૧૪/૧૨/૨૦૧૯
અમદાવાદ (ગ્રામ્ય)

( ગરીમા યાદવ )
૬ઠ્ઠાં એડી.જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય),મીરઝાપુર.
UIC NO. GJ 01520